# પ્રવાસન-સિંહ દર્શનપ્રેમીઓને દિપાવલી પર્વે નવતર ભેટ

## અમરેલીના આંબરડીમાં લાયન સફારી પાર્ક ખૂલ્લો મૂકતા મુખ્યમંત્રી

ગાંધીનગર, તા. ૧૭ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ અમરેલી જિલ્લાના





આંબરડીમાં લાયન સફારી પાર્કનું લોકાર્પણ કરતાં વિશ્વાસ વ્યકત કર્યો કે, સિંહ દર્શન માટે આવતા પ્રવાસન પ્રેમીઓને હવે સાસણ ઉપરાંત વધુ એક સફારી પાર્કમાં સિંહ દર્શનની તક મળતી થશે.

વિજયભાઈ રૂપાણીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, ગુજરાત સરકારે અગાઉ વારંવાર ગીર પૂર્વ વિસ્તારના રક્ષિત વનમાં ઈકો ટૂરિઝમ અને સફારી પાર્ક વિકસાવવાની કરેલી માંગણીઓ તત્કાલીન યુ.પી.એ. સરકારે ધ્યાને લીધી જ નહિ, તેમને ગુજરાતના કોઈ પણ ક્ષેત્રના વિકાસમાં રોડાં નાખવાની પરેવીથી જ આ પાર્કને પણ ઘોંચમાં નાંખી દીધો હતો.

તેમણે કહ્યું કે, ગુજરાતના અને દેશની જનતાના સદનસીબે વડાપ્રધાન પદે ભાજપના નરેન્દ્રભાઈ મોદીએ સુકાન સંભાળતા જ ગુજરાતના આ પ્રશ્નનો સુખદ ઉકેલ આવી ગયો છે.

મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, ગત પાંચમી જૂન૨૦૧૭એ આ આંબરડી સફારી પાર્કને કેન્દ્ર સરકારની પરવાનગી મળી અને રાજ્યના વન વિભાગે ખૂબ જ ટૂંકા સમયમાં આ પાર્ક વિકસાવી તેનું લોકાર્પણ કરાયું તે અભિનંદનને પાત્ર છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતુ કે, આ સફારી પાર્ક સમગ્ર અમરેલી જિલ્લા માટે આર્થિક ઉત્કર્ષ અને સમૃદ્ધિનું દ્વાર બની રહેશે અને લોકો હવે સાસણને બદલે આંબરડી સફારી પાર્કની મુલાકાત લેતા થશે અને દેશ-વિદેશના પર્યટકો આવતા થશે જેના થકી ધારી પ્રવાસનનું હબ બની જશે.

આ તકે મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, અમરેલી જિલ્લામાં આજે અનેકવિધ વિકાસકામો થઈ રહ્યા છે. આ કામો લોકોની માંગણી અને લાગણીને ધ્યાનમાં રાખી વિકાસકામો કરવામાં આવી રહ્યા છે. આને જ સાચો વિકાસ કહેવાય આ વિકાસ અમારા માટે મિજાજ છે ગુજરાતની વિકાસયાત્રાને હવે કદાપિ કોઈપણ રોકી શકે તેમ નથી, કારણ કે આ માટે સરકાર સંકલ્પબદ્ધ રીતે આગળ વધી રહી છે.

મુખ્યમંત્રીએ ઉપસ્થતિ ખેડૂતોને સંબોધતા કહ્યું કે, આ સરકાર સદાય ખેડૂતોના હિતને વરેલી છે અને એટલા માટે જ સરકારે આગામી લાભપાંચમના દિવસથી ટેકાના ભાવથી મગફળી ખરીદવાનો નિર્ણય કર્યો છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, રાજયના ખેડૂતોને ઝીરો પર્સન્ટ વ્યાજથી ત્રણ લાખ સુધીનું ધિરાણ આપવામાં આવશે અને તેનું વ્યાજ રાજય સરકાર ભરશે, જેનો અંદાજે રૂ. ૭૦૦ કરોડનો બોજ રાજય સરકારની તિજોરી પર પડશે.

# મહેસાણા જિલ્લામાં તહેવારોમાં શસ્ત્રો રાખવા પર પ્રતિબંધ ફરમાવાયો

મહેસાણા, તા. ૧૭ મહેસાણા જિલ્લામાં આગામી દિવસોમાં તહેવારો આવનાર છે. આ તહેવારોને અનુલક્ષીને જિલ્લાના તમામ વિસ્તારોમાં ૨૭ ઓક્ટોબર-૨૦૧૭ સુધી શસ્ત્રો રાખવા પર પ્રતિબંધ અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રમેશ મેરજાઓ ફરમાવ્યો છે.

જિલ્લામાં શસ્ત્રો, તલવાર, ભાલા, સોટા, ચપ્પુ, લાકડી અથવા શારીરિક ઈજા પહોંચાડી શકાય તેવા સાધનો કે હથિયારો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનુ, જલદી સળગી ઉઠે તેવા વિસ્ફોટક પદાર્થો બનાવવાનું કે એકઠા કરવાનું તે સાથે રાખી ફરવાનું કે કોઈપણ સરઘસમાં જલતી અથવા પેટાવેલી મસાલો સાથે લઈ જવાનું, પત્થર અથવા પત્થર જેવા પદાર્થો અથવા હથિયાર અગર ફેંકી શકાય તેવા સાધનો સાથે રાખી ફરવાનું કે એકઠા કરવાનું, જુસ્સાદાર ભાષણ કરવાનું કે નનામીઓ કે પુતળાં કાઢવાનું કે ચાળા પાડવાનું કે અસભ્યતા પ્રેરે અગર નીતિનો ભંગ કરે તેવા ચિત્રો તૈયાર કરવાનું કે પ્રદર્શિત કરવાનું, ધાર્મિક કે સામાજિક લાગણી દુભાય તેવા સુત્રો પોકારવાનું, અપમાન કરવાનું કે જાહેર ઈરાદાથી જાહેરમાં બિભિત્સ સુત્રો પોકારી કે અસ્લીલ ગીતો ગાવાનું કે ટોળામાં ફરવાનું, માણસનું મડદું, આકૃતિ અગર પ્રતિમા પ્રદર્શિત કરવાનું સુરૂચિનો ભંગ કરે તેવું ભાષણ કરવાનું, અસભ્ય વાણી ઉચ્ચારવાનું, નિતિનો ભંગ થાય તેવા હાવ-ભાવ કરવા, તેવી ચેષ્ટાઓ કરવાની તથા ચિત્રો, પત્રિકાઓ અથવા પ્લેકાર્ડો તૈયાર કરવાનું કે ઉપયોગ કરવા પર પ્રતિબંધ પરમાવ્યો છે.

# માલપુર માર્કેટયાર્ડમાં ચેરમેનપદે જશુભાઈ શીવાભાઈ પટેલની બિનહરીફ વરણી

અરવલ્લી, તા. ૧૭ અરવલ્લી-સાબરકાંઠા જિલ્લાની સહકરી સંસ્થાઓ, રાજકીય ક્ષેત્રે આગવી ઓળખ ધરાવતા માલપુર જિલ્લા પંચાયત



સીટના સદસ્ય જશુભાઈ શીવાભાઈ પટેલની સોમવારે યોજાયેલ માર્કેટયાર્ડની હોદેદારોની વરણીમાં ચેરમેન તરીકે બિનહરીફ વરણી થતા ઉપસ્થિત તમામ ડિરેક્ટરો અને માલપુર તાલુકાના ખેડૂતોએ શુભેચ્છા પાઠવી હતી. વાઈસ ચેરમેન તરીકે મિતુલકુમાર રાજેન્દ્રભાઈ મહેતાની વરણી થઈ હતી.

માલપુર તાલુકામાં સહકારી માળખામાં પ્રભુત્વ ધરાવતા અને સાબર ડેરીના પૂર્વ વાઈસ ચેરમેન, માલપુર નાગરિક બેન્કના ચેરમેન, સાબરકાંઠા સહકારી મધ્યસ્થ બેન્ક લી. ના ડિરેક્ટર અને તાલુકાના પ્રજાજનો અને ખેડૂતોને પડતી મુશ્કેલીમાં સતત ખડે પગે ઉભા રહેતા અને માલપુર તાલુકામાં અભૂતપૂર્વ લોકચાહના ધરાવતા અને હેલોદરના વતની જશુભાઈ શીવાભાઈ પટેલની સોમવારે માલપુર માર્કેટયાર્ડના સભાગૃહમાં યોજાયેલી હોદેદારોની ચૂંટણીમાં સર્વાનુમતે ચેરમેન તરીકે વરણી કરવામાં આવી હતી. જયારે વાઈસ ચેરમેન મિતુલકુમાર રાજેન્દ્રભાઈ મહેતાની વરણી કરવામાં આવી હતી. માલપુર માર્કેટયાર્ડના ચેરમેન તરીકે કાર્યભાર સાંભળતાની સાથેજ જશુભાઈ પટેલે તાલુકાના ખેડૂતોને તેમના મહામુલા પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તેવા પૂરતા પ્રયત્નો અને ખેડૂતોના હિતના કામ કરવામાં આવશેની હૈયાધારણા આપી હતી.

# અરવલ્લી જિલ્લામાં પદ્માવતી ફિલ્મ પ્રદર્શિત નહિ થવા દેવાય

અરવલ્લી, તા. ૧૭

અરવલ્લી જિલ્લા હિન્દુ યુવા વાહીની દ્વારા ફિલ્મ પદ્માવતીના વિરોધમાં મંગળવારે અરવલ્લી જિલ્લા કલેક્ટર શાલિની અગ્રવાલને આવેદનપત્ર આપી મોડાસા શહેર અરવલ્લી જિલ્લા સહીત ગુજરાત રાજ્ય અને દેશભરમાં પદ્માવતી ફિલ્મને સિનેમાઘરોમાં પ્રદર્શિત નહિ કરવા દેવાની માંગણી કરી ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી અને જિલ્લામાં સિનેમાઘરોના માલિકોને પદ્માવતી ફિલ્મને પ્રદર્શિત નહિ કરવા માટે રજુઆત કરી લેખિતમાં જાણ કરી હતી.

આવેદનપત્રમાં જણાવ્યું હતું કે ફિલ્મ ડિરેક્ટર સંજય લીલા ભણશાલી દ્વારા નિર્મિત પદ્માવતી ફિલ્મમાં ઈતિહાસ સાથે ચેડાં કરીને મહારાણી પદ્માવતીને મુગલ બાદશાહની પ્રેમિકા બતાવવા જઈ રહ્યા છે અને મહારાણી પદ્માવતીની ઈજ્જત પડદા પર ઉછાળવાનો પ્રયત્ન થતા જ્યાં સુધી હિન્દુ યુવા વાહિની તેમજ હિન્દુ સંગઠનો તરફથી ક્લીન ચીટ ના મળે ત્યાં સુધી ફિલ્મ સિનેમા ઘરોમાં રજૂ ના થાય તેવું આવેદન પત્રમાં જણાવવામાં આવ્યું હતું. આવેદનપત્ર આપ્યા બાદ હિન્દુ યુવા વાહીની જિલ્લા અધ્યક્ષ હર્ષ પંડ્યા દ્વારા સમગ્ર ઉત્તર ગુજરાતના થિયેટર માલિકોને ઉગ્ર ભાષામાં જણાવ્યું કે કોઈ પણ સંજોગોમાં ફિલ્મ રિલીઝ ન થાય તે માટે ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી. જિલ્લા સેવા સદન ખાતે મહામંત્રી જાંગડા, રાજન પ્રણામી, વિશાલ ગોર, સચિન કડિયા, નિર્ભય ત્રિવેદી ઉપસ્થિત રહ્યા હતા અને પદ્માવતી ફિલ્મ ડિરેક્ટર સંજય લીલા ભણશાલીનો હુરિયો બોલાવી વિરોધ પ્રદર્શિત કર્યો હતો.

# કે.એન. શાહ મોડાસા હાઈસ્કૂલનું ગૌરવ

## રાજ્ય તેમજ જિલ્લાકક્ષાની તાલીમમાં અગ્રેસર ફાળો

મોડાસા, તા. ૧૭ તાજેતરમાં જીસીઈઆરટી, આરએમએસએ, એસટીટીઆઈ અંતર્ગત ધો. ૧૦ અંગ્રેજી વિષયની



ઈન સર્વીસની ટ્રેનીંગ અરવલ્લી જિલ્લા ડી.ઈ.ઓ. કચેરી દ્વારા પાંચ દિવસ માટે જીનીયસ હાઈસ્કૂલ મોડાસામાં તેમજ રાજ્યકક્ષાની કે.આર.પી. તાલીમ અમૃત ઈન્સ્ટીટ્યૂટ-તોરણી જૂનાગઢ મુકામે પાંચ દિવસ માટે યોજાઈ. જેમાં કે.એન. શાહ, મોડાસા હાઈસ્કૂલના અંગ્રેજી વિષયના શિક્ષક કનુભાઈ આર. ખાંટે સઘન તાલીમ મેળવી. લેંગ્વેજ ટાસ્ક વોકાબુલરી રીડીંગ કોમ્પ્રીહેન્શન રાઈટીંગ લેંગ્વેજ ફંક્સન, ટેસ્ટીંગ એન્ડ મોડ્યુલ જેવા વિવિધ વિષયોમાં નિપૂણતા મેળવી હતી અને મોડાસા ખાતે કે.આર.પી. તરીકે સફળ કામગીરી બજાવી હતી.

જૂનાગઢ મુકામે પ્રસંગોચિત પેરોડી રજૂ કરી રાજયના કે.આર.પી.ઓ. તેમજ ડીઈઓ અને શિક્ષણકારોને મુગ્ધ કર્યા હતા. તેમજ વકતવ્યોમાં છટાદાર રજૂઆત કરી શ્રોતાગણને આકર્ષિત કર્યા હતા. આ પ્રસંગે ડી.ઈ.ઓ. એ.પી. ઝાલા, એઈઆઈ એમ.એસ. ખાંટ, ડીઈઓ ભરતભાઈ કેલા, માસ્ટરટ્રેનર મયુર ઉનડકર, વરાહ મિહીર, કે.એન. શાહ હાઈસ્કૂલના આચાર્ય એમ.આઈ. જોષી, સ્ટાફ પરિવાર મોડાસા કેળવણી મંડળના પ્રમુખ બિપીનભાઈ શાહ, પ્રભારી મંત્રી પંકજભાઈ બુટાલા, કીરીટભાઈ કે. શાહ તેમજ તમામ કેઆરપીઝ અને શિક્ષકોએ કનુભાઈ ખાંટનો અભિનંદન આપ્યા હતા અને ઉત્તરોત્તર પ્રગતિ કરે એવી શુભેચ્છા પાઠવી હતી. કનુભાઈ ખાંટ સતત સત્તર વર્ષથી કેઆરપી (અંગ્રેજી) તરીકે ફરજ બજાવી રહ્યા છે. ધો. ૧૦ તેમજ ૯ અંગ્રેજી પાઠ્યપુસ્તકોમાં રીવ્યુઅર તરીકે પણ કામ કર્યુ છે.




**પ્રાંતિજ ખાતે જશને શહીદે કરબલા અને ઉર્સે આલા હઝરતની ઉજવણી**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ ઈન્દિરા નગર વસાહતમાં ધાર્મિક કાર્યક્રમ યોજાયો. રેલ્વે સ્ટેશન ઈન્દિરા વસાહત ખાતે રહેતાં મુસ્લિમ સમાજના ધર્મપ્રેમી લોકો દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ જશને શહીદે કરબલા અને ઉર્સે આલા હઝરતના ધાર્મિક કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શેરે ગુજરાતના નામથી પ્રસિદ્ધ બનેલા કમરકુતલી કારટાવાળાના સાહેબજાદા હઝરત સૈયદ હાસ્મીબાપુની વિશિષ્ટ ઉપસ્થિત રહી હતી. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મૌલાના સાહેબોની રાહબરી હેઠળ વિવિધ વક્તાઓએ કરબલામાં શહીદી વહોરનાર સપૂતોનો ઈતિહાસ વાગોળીને ઉપસ્થિત લોકોનો મંત્ર મુગ્ધ કરી દીધા હતા તો મુસ્લિમ સમાજના ધર્મપ્રેમી ભાઈ-બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતાં. તો ઈન્દિરા નગર વસાહત ખાતે રહેતા લોકો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# ભિલોડા ખાતે જિલ્લા બાળ સુરક્ષા અધિકારી દ્વારા એજ્યુકેશન પોક્સો સેમિનાર

ભિલોડા, તા. ૧૭

જિલ્લા બાળ સુરક્ષા એકમ અરવલ્લી દ્વારા તાલુકા પંચાયત હોલ ભિલોડા ખાતે રાઈટ ટુ એજ્યુકેશન પોક્સો એક્ટ બાળ લગ્ન અને બાળમજૂર અંગેના કાયદાઓ બાળ અધિકારો અને બાળ સુરક્ષાના સંવેદનશીલ મુદ્દાઓ વિશે બાળકો અને વાલીઓ સાથે એક દિવસીય સેમિનાર આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં જિલ્લા બાળ સુરક્ષા અધિકારી મામલતદાર, ઉપસ્થિત રહ્યાં હતા.



**પ્રાંતિજ ખાતે પ્રાથમિક-માધ્યમિક શિષ્યવૃતિ પરીક્ષા યોજાઈ**

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે આવેલ શેઠ પીએન્ડઆર હાઈસ્કુલ ખાતે તા. ૧૫-૧૦-૨૦૧૭ને રવિવારના રોજ પ્રાથમિક શિષ્યવૃતિ અને માધ્યમિક શિષ્યવૃતિની પરીક્ષા યોજાઈ હતી. જેમાં પ્રાથમિક શિષ્યવૃતિ માટે ૩૫૯ વિદ્યાર્થીઓમાંથી ૩૪૨ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને ૧૭ ગેરહાજર રહ્યાં હતાં. જયારે માધ્યમિક શિષ્યવૃતિની પરીક્ષા માટે ૩૪૧માંથી ૩૨૬ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી અને ૧૫ વિદ્યાર્થીઓ ગેરહાજર રહ્યાં હતાં. જયારે પરીક્ષા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલાની દેખરેખ નીચે તટસ્થપણે યોજાઈ હતી.






**મોડાસા ટાઉનહોલ ખાતે રોડ સ્લિપર મશીન તેમજ લીલો અને સૂકો મિશનનું ઉદ્‌ઘાટન**

આજરોજ મોડાસા નગરપાલિકા ટાઉન હોલ ખાતે સ્વચ્છતા અભિયાન અંતર્ગત રોડ સ્લિપર મશીન અને લીલો અને સૂકો કચરા માટે તેમજ ૧૦૮ રીક્ષાનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ રણવીરસિંહ ડાભી, નગરપાલિકા પ્રમુખ વનીતાબેન પટેલ, સેનેટરી ચેરમેન નિકેશભાઈ પરમાર, નગરપાલિકા ચીફ ઓફીસર, મહામંત્રી એસ.એમ. ખાંટ, મહામંત્રી રણવીરભાઈ ચુડગર, ઉપપ્રમુખ ગુર્જર, આર.જી. વણકર, રૂપેશભાઈ ઝાલા, સુભાષભાઈ શાહ, નીલાબેન, પ્રજ્ઞાબેન પટેલ તથા પદાધિકારીઓ તેમજ અરવલ્લી જિલ્લાના લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# બનાસકાંઠા જિલ્લાના પૂર અસરગ્રસ્ત વિસ્તારોની મુલાકાતે કેન્દ્રીય ટીમ

પાલનપુર, તા. ૧૭ દિલ્હીથી કેન્દ્ર સરકારની ઈન્ટર મિનીસ્ટરીયલ ટીમ જોઈન્ટ સેક્રેટરી દિલીપકુમારના વડપણ હેઠળ આર.પી. સિંઘ અને વિમલકુમાર સાથે ૩ સભ્યોની ટીમ બનાસકાંઠા જિલ્લાના પૂર અસરગ્રસ્ત વિસ્તારોની બે દિવસીય મુલાકાતે આવી છે. મુલાકાતના બીજા દિવસે ટીમે કાંકરેજ તાલુકાના ટોટાણા ખાતે પૂરથી અસર પામેલ નર્મદા કેનાલની મુલાકાત લઈ સ્થળ નિરીક્ષણ કર્યુ હતું. તેમજ સરદાર સરોવર નર્મદા નિગમના ચીફ એન્જીનિયર એમ.ડી. પટેલ અને અધિકારીઓ સાથે આ અંગે વિસ્તૃત ચર્ચા કરી જાણકારી મેળવી હતી.



ટીમના સભ્યોએ દાંતીવાડા અને સીપુ ડેમની મુલાકાત લઈ સ્થળ નિરીક્ષણ કર્યુ હતું. તેમજ અધિકારીઓ પાસેથી આ અંગે વિગતો મેળવી હતી.

આ પ્રસંગે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક વી.કે. મહેતા, સરદાર સરોવર નર્મદા નિગમના ચીફ એન્જીનિયર એમ.ડી. પટેલ, સિંચાઈ વિભાગના કાર્યપાલક ઈજનેર નિનામા સહીત અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# બેસતા વર્ષથી લાભપાંચમ સુધી અંબાજી મંદિરમાં આરતી અને દર્શનનો સમય

પાલનપુર, તા. ૧૭ વહીવટદારશ્રી, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ તરફથી અખબારી યાદીમાં જણાવ્યા પ્રમાણે બેસતા વર્ષથી લાભપાંચમ સુધી અંબાજી મંદિરમાં આરતી અને દર્શનનો સમય નીચે પ્રમાણે રહેશે.

તા. ૨૦-૧૦-૨૦૧૭ શુક્રવાર (બેસતું વર્ષ) આરતી સવારે ૬.૦૦ થી ૬.૩૦, દર્શન સવારે ૬.૩૦ થી ૧૦.૪૫, રાજભોગ ૧૨.૦૦ થી ૧૨.૧૫, અન્નકુટ આરતી ૧૨.૧૫ થી ૧૨.૩૦, દર્શન બપોરે ૧૨.૩૦ થી ૧૬.૧૫, આરતી સાંજે ૧૮.૩૦ થી ૧૯.૦૦, દર્શન સાંજે ૧૯.૦૦ થી ૨૧.૦૦

તા. ૨૧-૧૦-૨૦૧૭થી તા. ૨૫-૧૦-૨૦૧૭ (ભાઈબીજથી લાભપાંચમ સુધી) દર્શનનો સમય આ પ્રમાણે રહેશે. આરતી સવારે ૬.૩૦ થી ૭.૦૦, દર્શન સવારે ૭.૦૦ થી ૧૧.૩૦, રાજભોગ ૧૨.૦૦ કલાકે, દર્શન બપોરે ૧૨.૩૦ થી ૧૬.૧૫, આરતી સાંજે ૧૮.૩૦ થી ૧૯.૦૦, દર્શન સાંજે ૧૯.૦૦ થી ૨૧.૦૦

તા. ૨૬-૧૦-૨૦૧૭થી દર્શનનો સમય રાબેતા મુજબ આ પ્રમાણે રહેશે. આરતી સવારે ૭.૩૦ થી ૮.૦૦, દર્શન સવારે ૮.૦૦ થી ૧૧.૩૦, રાજભોગ ૧૨.૦૦ કલાકે, દર્શન બપોરે ૧૨.૩૦ થી ૧૬.૧૫, આરતી સાંજે ૧૮.૩૦ થી ૧૯.૦૦, દર્શન સાંજે ૧૯.૦૦ થી ૨૧.૦૦

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧